સાબરકાંઠા જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લા મુખ્ય મથક હિંમતનગર જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય વિભાગમાં વિવિધ

ક્ષેત્રમા સેવાઓ આપતાં કર્મચારીઓની પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓને લઈને સફાઇ, રકતદાન, રામધૂન સહિતના કાર્યક્રમો યોજાયા.

ગુજરાતભરમાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા મલ્ટી પરપઝ હેલ્થવર્કર, ફિમેલ હેલ્થ વર્કર બહેનો, ફાર્માસીસ્ટ, સુપરવાઇઝર, લેબ ટેક સહિતના આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમની ગ્રેડ પે તથા પગાર વિસંગતતા સહિતની વ્યાજબી માંગણીઓના અસંતોષ સંદર્ભે સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ નહીં મળતા સરકાર સામે વિવિધ પોગ્રામો અપાયા બાદ આજે બુધવારના રોજ હિંમતનગર ખાતે જિલ્લા પંચાયતના પટાંગણોમા રામધૂન તેમજ હોસ્પિટલમાં રકતદાન તથા સફાઇ જેવા શાંત કાર્યક્રમો આપીને વિરોધ પ્રદર્શિત

કરતાં તમામ સ્થળોએ આરોગ્ય સેવાઓમા ખલેલ પહોચ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય કર્મચારી મંડળ ના પ્રમુખ આશિષકુમાર બારોટની આગેવાનીમા અને મંડળના તમામ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત કચેરી આગળના ચોગાનમાં જિલ્લાભરના આરોગ્ય કર્મચારી બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી રામધૂન, સફાઇકાર્ય અને બ્લડ ડોનેટના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સરકાર દ્વારા આરોગ્ય કર્મચારીઓની વ્યાજબી માંગણીઓ ઝડપથી નહી સંતોષવામાં આવે તો મંડળ દ્વારા જલદ કાર્યક્રમોનું આયોજન ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહામંડળના નેજા હેઠર ગુજરાતના અન્ય જિલ્લાઓની સાથે સાબરકાંઠા જિલ્લામાં પણ આરોગ્ય કર્મચારી મંડળની સાથે સાબરકાંઠા-અરવ્વલી જિલ્લાના તમામે તમામ કર્મચારીઓ સરકાર નિર્ણય નહી આપે ત્યાં સુધી કાર્યક્રમોમાં જોતરાયેલા રહેશે અને આરોગ્ય સેવાઓમાં આવનારી ઉણપોની જવાબદારી સરકારની રહેશે. એમ મંડળના આગેવાનો દ્વારા જણાવામાં આવ્યું છે.

એલસીબી પોલીસે ડીસા શહેરમાં વરલી મટકાનો જુગાર રમતા શખ્સોને ઝડપ્યા

બનાસકાંઠા પોલીસ અધિક્ષકની સુચનાથી એલસીબીના ઇન્ચાર્જ પી.આઈ. પી.એલ. વાઘેલાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ એન.એન. પરમારે એલસીબીની ટીમ સાથે ડીસા દક્ષિણ પોલીસ મથકના વિસ્તારમાં બાતમીના આધારે વરલી મટકાની રેઇડ પાડી આ સ્થળે વરલી મટકાનો જુગાર રમી રહેલા દશરથભાઈ રમેશભાઈ ઠાકોર (રહે. ચાવડીવાસ જુનીજેલ, ડીસા), નટવરલાલ નરસીભાઇ ઠક્કર (રહે. કચ્છી કોલોની, ડીસા), જેકીનકુમાર દિનેશભાઈ ઠક્કર (રહે. આશાપુરા સોસાયટી, ડીસા), જીગરભાઈ ભલુજી ઠાકોર (રહે. રેલ્વેસ્ટેશન, ડીસા) અને પીન્ટુભાઇ મોહનભાઈ ભરથરી (રહે. મહાદેવિયા, ડીસા)ને ૧૬,૨૭૦ રૂપિયાની રોકડ રકમ તેમજ જુગારના સાહિત્ય સાથે ઝડપી લઈ આ શકુનીઓને ડીસા શહેર દક્ષિણ પોલીસના હવાલે કર્યા હતા.

ધાનેરામાં ગુરૂવારે લાઈટ કાપથી બેન્કોમાં લેવડ-દેવડ માટે પ્રજા પરેશાન

ધાનેરા શહેર ધીમે ધીમે વિકાસ તરફ જઈ રહ્યો છે તેમજ વેપારીની બેન્કમાં લેવડ દેવડ તથા ગ્રામ વિસ્તારમાં થી આવતા લોકોના સરકારી કામ કાજ વધી રહ્યા છે ત્યારે ધાનેરામાં ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ગુરૂવારે લાઈટનો કાપ મુકાતા સરકારી કચેરીઓ તેમજ બેન્કોનું લેવડ દેવડ કામ ઠપ્પ રહ્યું છે સમાચાર પત્રો દ્વારા અનેક વખત આવી રજૂઆતો થવા છતાં ગુજરાત વિદ્યુત બોર્ડ ના અધિકારીઓના પેટનું પાણી હલતું કેમ નથી?ગુરુવારે કાપ મુકાતા ગ્રામ વિસ્તાર થી આવતા લોકો સરકારી કામ ન થતાં પરેશાનીનો સામનો કરી રહ્યા છે તેમજ બેન્કોમાં ઈમરજન્સી લેવડ દેવડ માટે પણ ઘણી મુશ્કેલી સહન કરવી પડી છે ગુજરાત વિદ્યુત બોર્ડ ધાનેરાના અધિકારીઓ દર માસના બીજા અને ચોથા શનિવાર અથવા રવિવાર ના દિવસે કાપ મૂકી લાઈટ લાઈનની કામગીરી કરતા હોય તો લોકોને પરેશાન થવું ન પડે આમ ધાનેરાના ગુરુવારે કાપના કારણે ધાનેરાના વેપારી વર્ગ તેમજ આમ આદમીઓ ને આમ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જાણવા મળે છે કે ઈમરજન્સી દવાખાને જતાં લોકોને પૈસા ઉપાડવા જતાં લાઈટનો કાપ હોવાથી પૈસા મળી શકે એમ ન હતા અને તેઓ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો ધાનેરા ગ્રામજનોની વિનંતી છે કે ગુજરાત વિદ્યુત બોર્ડ રજાના સમયમાં કાપ મુકી લાઈટ લાઈનની કામગીરી ચાલુ રાખે તેવી લોકો ની માંગ છે.

નાયબ કલેક્ટર, નિવાસી અધિક કલેકટર સહિત ૩ તરત સસ્પેન્ડ

રાજ્ય સરકારના સસ્પેન્શનના નિર્ણયને પરિણામે સરકારી અધિકારીઓ-કર્મીઓમાં ભારે ફફડાટની લાગણી ફેલાઈ

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકારે સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાના બામણબોર અને જીવાપર ગામની બે હજાર વીઘા જેટલી સરકારી જમીન ખેત જમીન ટોચમર્યાદા એ.એલ.સી.નું ખોટું અર્થઘટન કરીને ખાનગી વ્યક્તિઓને નામે કરી આપવાની ગેરરીતિ આચરવાના કેસમાં ચોટીલાના તત્કાલીન નાયબ કલેક્ટર વી. ઝેડ. ચૌહાણ, સુરેન્દ્રનગરના તત્કાલીન નિવાસી અધિક કલેક્ટર (આર.એ.સી) ચન્દ્રકાન્ત પંડ્યા અને ઇન્ચાર્જ મામલતદાર જે. એલ. ઘાડવીને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરી દેવાયા છે. રાજ્ય સરકારના આ શિક્ષાત્મક સપાટાને પગલે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓમાં જબરદસ્ત ફફડાટની લાગણી ફેલાઇ ગઇ છે. ચોટીલાની બે હજાર વીઘા જેટલી સરકારી જમીન ખેત જમીન ટોચમર્યાદા એ.એલ.સી.નું ખોટું અર્થઘટન કરીને ખાનગી વ્યક્તિઓને નામે કરવાના સમગ્ર કૌભાંડમાં ચોટીલાના તત્કાલીન નાયબ કલેકટર, સુરેન્દ્રનગરના તત્કાલીન નિવાસી અધિક કલેકટર અને ઇન્ચાર્જ મામલતદારની ભૂમિકા સામે આવી હતી. જેની સરકાર દ્વારા ગંભીર નોંધ લેવાઇ હતી. રાજયના મહેસૂલ વિભાગે સરકારની આંખમાં ધૂળ નાંખવાના પ્રયાસ સમાન ખાનગી ઇસમોના મેળાપીપણામાં કરવામાં આવેલા આ ગુનાહિત કૃત્યની તપાસ કરીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. અને તેમા સંડોવાયેલા મહેસૂલી અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરી દેવાયા હતા. જેને પગલે રાજયભરના સરકારી અધિકારીઓ-કર્મચારીઓમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. સરકારે આ મહત્વના નિર્ણય મારફતે રાજયના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને ભ્રષ્ટાચાર નાથવાનો સાફ સંદેશો આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ગંભીર ગેરરીતિમાં સંડોવાયેલા અધિકારીઓ ચન્દ્રકાન્ત પંડયા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. માં જનરલ મેનેજર તરીકે અને વી. ઝેડ ચૌહાણ પોરબંદરમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ પર કાર્યરત છે. રાજય સરકાર દ્વારા આ સમગ્ર ઘટનાક્રમની તપાસ એ.સી.બી. મારફતે કરવાના આદેશો પણ જારી કરાયા છે. એટલું જ નહીં આ જવાબદાર અધિકારીઓ સામે સેવા શિસ્ત અપીલ નિયમાનુસાર ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરી કડક પગલાં લેવાના આદેશો પણ રાજ્ય સરકારે કર્યા છે, જેને પગલે સરકારી અધિકારીઓ-કર્મચારીઓમાં ફફડાટની લાગણી પ્રસરી ગઇ છે.

અડપોદરાના હવસખોરના એક દિવસના રીમાન્ડ મંજૂર

હિંમતનગર, તા. ૭

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે રહેતી એક દસ વર્ષની બાળકી પર ત્રણ દિવસ અગાઉ ૬૦ વર્ષના એક હવસખોરે આ બાળકીને ચા લેવાના બહાને પોતાના ઘરે બોલાવી નરાધમ કૃત્ય કરી આ બાળકી પર દુષ્કર્મ કર્યાની ફરીયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આ આધેડની ધરપકડ કરી મંગળવારે સાંજે તેને હિંમતનગરની પોક્સો કોર્ટમાં રજુ કરતા ન્યાયાધીશે તેના એક દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.

પોલીસે આ હવસખોર આધેડની તરત જ ધરપકડ કરી લીધી હતી અને તેને મંગળવારે સાંજે હિંમતનગરની પોક્સો કોર્ટમાં રજુ કરાયા હતા. જ્યાં ન્યાયાધીશે તેના એક દિવસના રીમાન્ડ મંજુર કરતા પોલીસે તેની પાસેથી વધુ વિગતો જાણવા માટે પુછપરછનો દોર બુધવારે સાંજ સુધી ચાલુ રાખ્યો હતો. પોલીસના જણાવાયા મજુબ રીમાન્ડ પુરા થયા બાદ તેને જેલ હવાલે કરી દેવાશે.

બાયડના ડેમાઈ ગ્રામ પંચાયત ઈ-પંચાયત સેવાકેન્દ્રનું લોકાર્પણ

બાયડ, તા. ૭

અરવલ્લી જિલ્લાની બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી ડો. હસિત

ગોસાવી, મદદનીશ કલેકટર ડો.નવનાથ ગવહને, તાલુકા વિકાસ અધિકારી રૂબીસિંગ રાજપૂત, ડેમાઈ સરપંચ મહેશ પટેલ, ઉપ સરપંચ સમીર પટેલ, તલાટી તૃપ્તિ શાહ, ગ્રામજનો શાળા પરિવારની ઉપસ્થિતિમાં ડેમાઈ ખાતે ૨ ઓનલાઈન સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જેમાં ઈગ્રામ ઓનલાઈન સુવિધા જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી, જ્યારે હેલ્પલાઈન સુવિધા ડો. નવનાથ ગવહને દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ઈ ગ્રામની ઓનલાઈન સુવિધાની સાથે સાથે ડેમાઈ ગ્રામ પંચાયત દ્વારા ઓનલાઈન હેલ્પલાઈન શરૂ કરવામાં આવી જે કદાચ ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમ ગ્રામ પંચાયત હશે જેને ઓનલાઈન હેલ્પલાઈન ચાલુ કરી છે. જેના દ્વારા ગ્રામ પંચાયતના ગ્રામજનોને મોબાઈલના ઉપયોગથી પોતાનો પ્રશ્ન રજૂ કરશે. ગ્રામ પંચાયત જેને ઓનલાઈન રજીસ્ટર કરશે.

સાકરીયાના આમંત્રણ હોટલ ચોકીદારનું ખૂન થયાના આક્ષેપ સાથે એસ.પી.ને આવેદનપત્ર આપી ન્યાયની માંગ

મોડાસા, તા. ૭

મોડાસાના સાકરીયા નજીક આવેલી આમંત્રણ હોટલમાં ચોકીદાર તરીકે નોકરી કરતા

રણછોડભાઈ ખેમાભાઈ વણકરનો એક સપ્તાહ અગાઉ ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી. પરિવારજનોએ હત્યા કરવામાં આવી હોવાની આશંકા દર્શાવતા ઘટનાસ્થળે દોડી આવેલી મોડાસા ગ્રામ્ય પોલીસે મૃતકની મૃતદેહ પેનલ પી.એમ કરાવી અકસ્માતે મોતનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શુક્રવારે અનુસૂચિત જાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓએ જીલ્લા પોલીસ વડા મયુર પાટીલને આવેદનપત્ર આપી ખૂનનો ગુન્હો દાખલ કરવાની માંગ સાથે ઉચ્ચ કક્ષાએથી તપાસને ઝડપી બનાવવા અને ગુન્હેગારોને ઝડપી પાડી ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રેવાભાઈ ભાંભી, આનંદ પરમાર, પંકજભાઈ, દશરથ ભાઈ સહીત મૃતક રણછોડભાઈના પરિવારજનો અને દલિત સમાજના અગ્રણીઓ અને યુવાનોએ જીલ્લા પોલીસવડા મયુર પાટીલને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે સાકરીયા ગામના અને ગામ નજીક આવેલી બંધ આમંત્રણ હોટલમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા રણછોડભાઈ ખેમાભાઈ વણકરની હોટલ પાછળથી ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં ચોકીદારની હત્યા કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે મોડાસા રૂરલ પોલીસે નોંધેલ એ.ડી દાખલ કરી હતી પરંતુ રણછોડભાઈનું ખૂન થયું છે તો ખૂનનો ગુન્હો દાખલ કરવાની માંગ કરી હત્યારાઓને ઝડપી પાડવા અને પરિવારજનોને ન્યાય આપવાની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસવડાએ પરિવારજનોને યોગ્ય તપાસની ખાત્રી આપી, સામાજિક અગ્રણીઓને પી.એમ. અને એફ.એસ.એલ રિપોર્ટ બાદ જરૂર જણાશે તો એલસીબીને તપાસ સોંપવાની હૈયાધારણા આપી હતી.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરવા માટે યુવાઓને ગામથી દૂર શહેરમાં જવું પડતું હોય છે, પણ અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ફાંસારેલ ગામમાં લાઈબ્રેરી શરૂ થતાં યુવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યા છે. હાલ યુવાનો યુપીએસી, જીપીએસી સહિત પોલિસની પરિક્ષાઓની તૈયારીઓ કરવા માટે મેટ્રો સિટીમાં જતાં હોય છે, પણ અંતરિયાળ વિસ્તારના લોકો માટે આ શક્ય નથી કારણ કે, અહીંના લોકો ખેતી તેમજ પશુપાલન પર નભતા હોય છે. જેથી તેમની પાસે એટલો સમય નથી કે તેઓ દૂર સુધી જઈ શકે, પણ આવા યુવાનોની પડખે તેમનો સમાજ અને દાતાઓના માધ્યમથી પુસ્તકો લાવીને ગામમાં જ લાઈબ્રેરી શરૂ કરી દેવાઈ છે. આ માટે ગ્રામ પંચાયતના બંધ મકાનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેથી યુવાનોએ તેમાં પુસ્તકો સહિત પાટલીઓ મુકીને નાની સરખી લાઈબ્રેરી શરી કરતા, ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એક મહિના પહેલા લેવાયેલી લોકરક્ષક દળની પરિક્ષા આપવા જતાં આ જ ગામના યુવાનનું બાઈક પર જતાં અરકસ્માત થવાથી મોત નિપજ્યું હતું, જેને કારણે લાઈબ્રેરીનું નામ પણ મૃતક યુવાને સમર્પિત કરવામાં આવી છે. મહત્વનું છે કે, ગુલાબસિંહ નામના સમાજ અગ્રણી દ્વારા આ પહેલા પણ ગામમાં લાઈબ્રેરી શરૂ કરાઈ હતી, જેનો ઉપયોગ મોટી સંખ્યામાં યુવાનો કરી રહ્યા છે.

રાજ્ય કક્ષાનો પ્રજાસત્તાક દિન પાલનપુર મુકામે યોજવામાં આવેલ હતો. આ ઉજવણી કાર્યક્રમ માટે પાલનપુર નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવા માટે કલેકટરશ્રી બનાસકાંઠા આજરોજ નગરપાલિકા કચેરીએ પધારેલ અને સભા ખંડમાં આ કામગીરીને બિરદાવા માટેનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, જુદી-જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓ, સભ્યશ્રીઓ તેમજ શહેર ભાજપ પ્રમુખશ્રી, તેમજ સંગઠનના સભ્યશ્રીઓ હાજર રહેલ.તેમજ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, શાખા અધિકારીઓ, તેમજ કર્મચારીઓ હાજર રહેલ. કલેકટર બનાસકાંઠાએ પ્રજાસત્તાક દિન ઉજવણીમાં નગરપાલિકાની કામગીરીને ખુબજ સારી રીતે બિરદાવેલ તેમજ ઉપસ્થિત તમામ મહાનુભવો અને અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવેલ.

કરબોજ વિનાનું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓપરેશન થિયેટર તેમજ ફિઝીયોથેરોપી સેન્ટર સાથે નવીનીકરણ માટે ફાળવવાનો નિર્ણય કર્યો છે.

રૂ. પાંચ કરોડના ખર્ચે શહેરની સરકારી પ્રા. શાળાઓના નવીનીકરણ માટેની જોગવાઈ કમિશ્નરે તેમના ડ્રાફ્ટ બજેટમાં કરી શહેરની શિક્ષણ સંખ્યાઓ માટે ફાળવણી કરવાની પહેલ કરી છે.

આ ઉપરાંત વિવિધ સેક્ટરોમાં જરૂરિયાત મુજબના સી.સી. રોડનું બાંધકામ કરવા માટે પણ રૂ. ૧ કરોડની જોગવાઈ ડ્રાફ્ટ બજેટમાં કરી શહેરના રોડ એન્જનીયરીંગમાં બદલાવના સંકેત આપ્યા છે.

કમિશ્નરશ્રીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં સે. ૨ અને ૭ તથા અન્ય સેક્ટરોમાં જે નવા બગીચા સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા છે તે માટે રૂ. ૩ કરોડની જોગવાઈ કરી છે.

સેક્ટર-૩૦માં જી.ટી.એસ. ખાતે મનપા પોતાનો વ્હીકલ પુલ બનાવશે તેવા સ્પષ્ટ સંકેત ડ્રાફ્ટ બજેટમાં આપતાં કમિશ્નરે આ માટે રૂ. બે કરોડની જોગવાઈ કરી છે.

મનપાના આ ડ્રાફ્ટ બજેટમાં શહેરમાં પાણી, ગટર વ્યવસ્થા તથા અન્ય પ્રાથમિક સુવિધાઓ વધુ સુદૃઢ બને તે માટે શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં કુલ રૂ. ૪ કરોડની જોગવાઈ કરી છે. શહેરની પેરીફેરીમાં આવેલા ગ્રામ્ય વિસ્તારમાં પણ માળખાકીય સુવિધાઓ સુદૃઢ બને તે માટે રૂ. ૪ કરોડની જોગવાઈ કરી છે.

ડ્રાફ્ટ બજેટનો મુસદ્દો મેયર પ્રવિણ પટેલને સોંપ્યા બાદ પ્રવિણ પટેલે કહ્યુ હતુ કે કરબોજ વિનાનું બજેટ હું આવકારૂ છુ. તેમણે ગૃહના સભ્યોને કર-દરમાં કોઈ વધારા કર્યા સિવાય નગરના વિકાસ કામો માટે સભ્યો સૂચનો આપી શકે છે. હવે પછી ૧૯મી ફેબ્રુઆરીએ પુનઃ સામાન્ય સભા મળશે અને તેમાં કર-દરમાં સુધારા કર્યા સિવાય બજેટ મંજૂર કરાશે તેવી જાહેરાત સાથે બેઠક ૧૯મી સુધી મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી.

જોડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલે જણાવ્યું હતું કે, મેં રાતના ૧૨ વાગ્યે કોંગ્રેસમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. મેં ઉતાવળમાં રાજીનામું લખીને આપ્યું હતું. મારા અક્ષર ખૂબ સારા છે પણ રાજીનામું ખૂબ ખરાબ અક્ષરે લખ્યું હતું. મેં રાજીનામું આપ્યું એની આગલી રાત્રે મને મહેસાણા નગરપાલિકાના નગરસેવકો મળવા આવ્યા હતા. કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્યપદની સાથે ઉંઝાના ધારાસભ્ય પદેથી રાજીનામું આપનાર આશાબેન પટેલે એક અઠવાડિયા બાદ પણ ભાજપમાં જોડાવું કે ઘરવાપસી કરવી તે મામલે ફોડ પાડયો નથી. ત્યારે લોકસભાની ચુંટણી પહેલા જ કોંગ્રેસને ઝટકો આપનાર આશાબેન પટેલ અત્યારે અનેકવિધ ચર્ચાઓ, અફવાઓ અને આરોપો વચ્ચે ફસાયેલા છે. જેમાં પાસના ભાજપના કન્વીનર દ્વારા આશાબેન પટેલનાં રાજીનામામાં ૨૦ કરોડનો સોદો થયો હોવાનો આરોપ કરવામાં આવતાં રાજકારણ ગરમાયું છે. જયારે ભાજપ દ્વારા લોકસભાની ચુંટણી માટે યોજાયેલા સંમેલનમાં ઉંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલ માટે નો-એન્ટ્રી કરાવી હતી. બીજી તરફ આશાબેન પટેલ આજકાલમાં જ ભાજપમાં જોડાય તેવી જોરદાર અટકળો વચ્ચે તેમને પાટણ યુનિવર્સીટીના વીસી બનાવવાની ઓફર કરવામાં આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. તો કેટલાક સમર્થકો આશાબેન પટેલ ભાજપમાંથી જ મહેસાણા લોકસભાની ચુંટણી લડે તે માટે ઉત્સુક જણાતાં સમગ્ર મામલે સસ્પેન્સ વધ્યું છે.

આ તમામ ઘટનાક્રમ વચ્ચે આશાબહેન પટેલે આજે ઉંઝા ખાતે તેમના કાર્યકરો અને સમર્થક-ટેકેદારો સાથે મહત્વની બેઠક યોજી હતી અને તેમનો અભિપ્રાય, લાગણી અને નિર્ણય જાણ્યા બાદ તેઓ સૌની લાગણીને આદર કરતા આવતીકાલે પાટણ ખાતેની ભાજપ કાર્યકરોની બેઠકમાં વિધિવત રીતે કેસરિયો ધારણ કરશેની જાહેરાતથી તમામ અટકળોનો અંત આવ્યો હતો.

રેપો રેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીડીપી ગ્રોથની આગાહી વધારવામાં આવી છે. આરબીઆઈએ વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ૨૦૧૮-૧૯માં ૭.૨ ટકાથી વધારીને જીડીપી ગ્રોથને ૭.૪ ટકા કર્યો છે જ્યારે રેપોરેટમાં ઘટાડો થયા છે ત્યારે લોન સસ્તી થાય છે. આવી સ્થિતિમાં લોન સસ્તી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એમપીસીની આગામી બેઠક બીજી એપ્રિલથી ચોથી એપ્રિલ દરમિયાન યોજાશે. વ્યાજદર ઘટશે તેમ પહેલાથી જ માનવામાં આવી રહ્યુ હતુ. છેલ્લી નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ પાંચમી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવ્યા હતા. ધારણા પ્રમાણે જ ચાવીરુપ રેપોરેટ ૬.૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરાયો હતો. રિવર્સ રેપોરેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો હતો. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે છે.

નિર્ણયો કરે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓફ ઈકોનોમિકના પ્રોફેસર પામી દુઆ અને રવિન્દ્ર ધોળકિયાનો સમાવેશ થાય છે. આ તમામ લોકો પોલિસી સમીક્ષા જારી કરતી વેળા વ્યાપક વિચારણા બાદ નિર્ણય કરે છે. સર્વસમતિથી તમામ નિર્ણય કરવામાં આવે છે. બેઠકમાં મૂલ્ય સ્થિરતાના પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ હતી. એમપીસીમાં સામેલ રહેલા સભ્યોના ઢોળકિયાની રજૂઆત પણ જોરદાર રહે છે.

આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપતા કહ્યુ છે કે મોદી ૧૫મી ફેબ્રુઆરીના દિવસે આ ટ્રેનને લીલીઝંડી આપી દેનાર છે. અહીં એક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવનાર છે. જ્યાં મોદી ટુંકુ ભાષણ પણ આપનાર છે. અદિકારીઓએ કહ્યુ છે કે આ દેશ માટે ગર્વની વાત છે. કારણ કે રેલવેની આ ટ્રેન સંપૂર્ણપણે સ્વદેશી છે. ૧૫મી ફેબ્રુઆરીના દિવસે સવારે ૧૦ વાગે ટ્રેનને રવાના કરવામાં આવનાર છે. ૧૬ કોચ ધરાવતી આ ટ્રેનમાં કેટલીક નવી વિશેષતા છે. હવે આ ટ્રેન ૩૦ વર્ષ જુની શતાબ્દી એક્સપ્રેસની જગ્યા લેનાર છે. ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી આ ટ્રેનમાં અનેક ખાસ વિશેષતા છે. મેટ્રોની જેમ આ ટ્રેનમાં બંને બાજુ ડ્રાઈવર કેબિન છે. આના કારણે ટ્રેનના એન્જિનને દિશા બદલી નાંખવા માટેની તકલીફથી મુક્તિ મળનાર છે. ૨૦૧૯-૨૦ સુધી આવી પાંચ ટ્રેનો તૈયાર કરી લેવામાં આવનાર છે. આ ટ્રેન ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડવામાં સક્ષમ છે.

મહામિલાવટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વભાવ છે, પડકારને પડકારતાં અમારી સરકાર સામાન્ય માનવીની આશા અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે. સંસદના બજેટ સત્રનો આજે છઠ્ઠો દિવસ છે. લોકસભામાં આજે રાષ્ટ્રપતિનાં અભિભાષણ પર લાવવામાં આવેલા આભાર પ્રસ્તાવ પર આગળની ચર્ચા થઈ રહી છે. વડાપ્રધાન મોદી આજે સદનમાં ચર્ચાનો જવાબ આપી શકે છે. રાજ્યસભામાં આજે પણ આ પ્રસ્તાવ પર આગળની ચર્ચા નહોતી થઈ શકી અને હોબાળાનાં કારણે સદનની કાર્યવાહીને આખા દિવસ માટે સ્થગીત કરવી પડી હતી. કાર્યવાહી મોડેથી ચાલુ થઈ હતી.

ખેડૂતો મુદ્દે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસે ૧૦ વર્ષમાં ચૂંટણીને ધ્યાનમાં રાખીને દેવામાફીનું ચક બનાવ્યું છે. વર્ષ ૨૦૦૯માં જેટલા માટે દેવામાફીની જાહેરાત કરી, ત્યારે ખેડૂતોનું દેવુ ૬ લાખ કરોડ હતું અને તમે ૫૨ હજાર કરોડ રૂપિયાનું દેવુ માફ કર્યું. આમ છતા ગરીબ ખેડૂતોનું દેવુ માફ નથી થયું. તમે દેવામાફીના નામે ખેડૂતો સાથે મોટી મજાક કરી. અમારી સરકાર ખેડૂતોને સશક્ત કરવા માટે સાડા ચાર વર્ષમાં અનેક યોજનાઓ લઈને આવી છે. અમે ખેડૂતો સાથે જોડાયેલી ૯૯ યોજનાઓને ચાલુ કરવાનું કામ કર્યું છે.

અમારી સરકાર ખેડૂતોને ૬ હજાર રૂપિયા દર વર્ષે આપનારી યોજના લઈને આવી છે અને તેનો ફાયદો ૧૨ કરોડ ખેડૂતોને મળશે. કોંગ્રેસની યોજનાઓ ૧-૨ કરોડ ખેડૂતો સુધી જ સીમિત હતી. રોજગાર અંગે બોલતા વડાપ્રધાને કહ્યું કે, દેશમાં એરપોર્ટ, હાઈવે, માર્ગ બની રહ્યા છે. શું તે કોઈને રોજગાર અવસર આપ્યા વગર બની ગયું હશે. તેમણે કહ્યું કે, સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, મુદ્રા યોજનાથી યુવાનોને સ્વરોજગાર મળે છે. આજે કોમન સર્વિક સેંટર્સનાં યુવાનોને રોજગાર આપવાનું કામ કર્યું છે. દેશના ભવિષ્યથી નવ યુવાનો સ્પષ્ટ રીતે જુડાયેલા છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ સત્તા પર પોતાનો હક માને છે. તેમણે કહ્યું કે, ૫૫ વર્ષ પર મારા ૫૫ મહિનાઓ ભારે પડી રહ્યા છે. સાડા ચાર વર્ષમાં ૧૦ કરોડથી વધારે શૌચાલયો બન્યા છે, દેશનાં ૧૦ કરોડ અમીરો માટે મે શૌચાલય બનાવવામાં આવ્યા છે, કારણ કે આ લોકો કહે છે કે મારી સરકાર અમીરો માટે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ૫૫ મહિનામાં અમે ૧૩ કરોડ ગેસ કનેક્શન આપવાનું કામ કર્યું છે. ૧૮ હજાર ગામમાં વિજળી પહોંચવાનાં કારણે તમને સમસ્યા થાય છે, હવે ૧૦૦ કરોડ લોકોની પાસે બેંક ખાતા છે, જે કામ આઝાદીનાં ૨૦ વર્ષોમાં થવું જોઈતું હતું તે મારે પુર્ણ કરવું પડ્યું.